વેબ ગુર્જરી પરિવાર દ્વારા



# શ્રી. હિમ્મતલાલ જોશી 'આતા/ અતાઈ'ને અર્પણ

સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારના દેશિંગા ગામમાં જન્મ લઈ, જીવનના અનેક ચડાવઉતાર અને વિવિધ પ્રકારના અનુભવો વચ્ચે પણ આપ જિન્દાદિલીથી ભરપૂર જીવન જીવ્યા છો. મિલિટરી અને પોલીસખાતા જેવા કાર્યક્ષેત્રોમાં અદના સિપાહી તરીકે નેકદિલીપૂર્વક ફરજ બજાવનાર આપ જીવનભર ખુમારીભર્યું જીવન જીવીને યુવાનોને માટે હંમેશાં પ્રેરણારૂપ બન્યા છો. અનેક ક્ષેત્રોમાંનો આપનો જીવંત રસ આપને અનેકવિધ અનુભવો અપાવનારો બની રહ્યો છે. ભાષાક્ષેત્રે ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી જેવી ભાષાની સહજ જાણકારી ઉપરાંત ઉર્દૂ, પર્શિયન અને અરબી ભાષાઓ પણ શીખવાની સાથે તેમાં ઊંડાં ઊતરીને તેનો લાભ વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતીઓને વહેંચવા માટે મોટી ઉંમરે આપે ઇન્ટરનેટ જેવા અત્યાધુનિક માધ્યમને પણ પોતાનું પાછલી ઉંમરનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે તે સૌના ધ્યાન ને માનનું અધિકારી બની રહ્યું છે ! કોઈ પણ ક્ષેત્રે, કોઈ પણ ઉંમરે સક્રિય બની શકાય છે, એટલું જ નહીં પણ એમાં ધારી સફળતા મેળવી શકાય છે તે વાત આજના યુવાનોને પહોંચાડવા માટે આપની ફક્ત બ્લૉગક્ષેત્રની જ કામગીરી ઉદાહરણરૂપ બની શકે તેમ છે. ગુજરાતી બ્લૉગજગત

પર ૯૩ વર્ષની જૈફ ઉંમરે પણ આપનું સક્રિય હોવું અમારા સૌ માટે ગૌરવની અને પ્રેરણાની બાબત છે.

'આતાવાણી/આતાઈવાણી' બ્લૉગ પરથી આપ લોકસાહિય, ઉર્દૂ ગઝલો વગેરે ઉપરાંત આપના જીવનના પ્રેરક અને અદ્વિતીય કહી શકાય તેવા અનેક અનુભવોની વિશ્વભરના ગુજરાતીઓને લ્હાણી કરતા રહ્યા છો. એટલું જ નહીં પણ વિવિધ પ્રકારની હૉબીઓમાં પણ આપનો રસ એટલો તો જીવંત છે કે આ જોમ, આ જોશ અને આનંદ સાથે જીવવાની આ ખુમારી જીવનની ખુદ સંધ્યાને પણ પ્રેરણા આપનારાં હશે !!

વેબગુર્જરી પરિવાર તથા આ કાર્યમાં સહયોગી એવાં શ્રીમતી સુરેષાબહેન તથા શ્રી હિતેષ દેસાઈ આપને દીર્ઘાયુ પાઠવે છે. અને આવનારાં વર્ષોમાં પણ નેટજગતનાં ગુજરાતીઓને રસલ્હાણ કરાવતા રહેશો તેવી આશા સેવે છે. જીવનના નવ દાયકા વીતાવ્યા પછી પણ તરવરાટ ધરાવતા 'એરેઝોનાના સાવજ ઉર્ફે આતા/આતાઈ'ના  હુલામણા નામથી ખ્યાત એવા આપને આજ, તા. ચોથી મે, ૨૦૧૩ના રોજ ફિનિક્સ, એરિઝોનાના શ્રીમતી સુરેષાબહેનના વરદ હસ્તે આ સમન્માનપત્ર અર્પણ કરતાં અમે સૌ ગુજરાતીઓ અનન્ય ગૌરવ અનુભવીએ છીએ.

**સૌ ગુજરાતીઓ વતી, વેબ ગુર્જરી પરિવાર**